# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૪/૦૧/૨૦૨૬ થી તા.૨૫/૦૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીક અણધાર્યા અને અનેક નવાં પરિવર્તનના અનુભવોવાળું રહેશે. વિદ્વાન લોકોને મળવાનું થાય. નવી જવાબદારીઓથી કામનો બોજ વધે. નવાં રોકાણથી લાભ થાય. વિદ્યાર્થીઓની ચિંતા વધે. સ્વાર્થી મિત્રોથી કડવા અનુભવ થાય. પ્રેમમાં સામાન્ય રહે. સંતાનોનાં કામ થાય. સરકારી કામમાં સાવધાની રાખવી. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. માર્કેટીંગ સાથે જોડાયેલાની દોડધામ મહેનત વધશે.

**વૃષભ (બ,વ,ઉ):** ચાલુ વીકમાં તમારી કામ કરવાની કુશળતા અને ક્ષમતા બતાવવાનો મોકો મળશે. તમારા કાર્યની કદર થાય. ઉચ્ચ કક્ષાનાં લોકોની મુલાકાતથી નવું જાણવાનું અને નવી દિશા મળે. નોકરીમાં મહત્ત્વની જવાબદારી ઉચ્ચ પદ સાથે મળે. ધંધા-વેપારમાં નવા સોદા અને નવી યોજના બને. શેર બજારમાં નવાં રોકાણ થાય. મિત્રો સાથે વ્યાવસાયિક યોજના બને. વિદ્યાર્થીઓને મદદ મળે.

**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહની શરૂઆત આરોગ્યની કમજોરી અને ખર્ચાળ રહેશે. તમારી કુશળતાની કદર ઓછી થાય. આરામ કરવાનું મન રહેશે. અંગત, નોકરી-ધંધા તેમજ સામાજિક સંબંધોમાં અહંકાર લાવવો નહીં. તમારી બુદ્ધિક્ષમતાની કસોટી થાય. તેથી નવી જવાબદારી મળે. ઉચ્ચ શિક્ષણ અને વિદ્યાભ્યાસ સાથે જોડાયેલાને ભાગ્યનો સાથ મળે. ઉપરી વર્ગનો સાથ મળે. વિવાદ ટાળવો.

**કર્ક (ડ,હ):-** સપ્તાહની શરૂઆત પરિવાર મિત્રો-બાળકો સાથે પસાર થાય તેમજ રોજનાં કામ, નોકરી અને સામાજિક તથા ઘરની સમસ્યાની ચર્ચાથી નવો રસ્તો નીકળે. વિવાહલાયકના વિવાહ થઈ શકે. ઘર-પરિવારમાં વિચારો અને મતભેદના કારણે વિવાદ થઈ શકે. તમારાં કામ કે વિચારોને ગુપ્ત રાખવા. સરકારી નોકરિયાતને નવી જવાબદારી મળે. આરોગ્ય સુધરે. શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ):** સપ્તાહ દરમિયાન ખરાબ ટેવો અને અહંકારયુક્ત વ્યવહાર પર કાબૂ રાખવો પડશે. વિજાતિય મિત્રો સાથે ગેરસમજ થાય. હરીફો પરેશાન કરે. નોકર-ચાકરથી નુકસાન થાય. આંખ-દાંત વગેરેની સમસ્યા સતાવે. દાંપત્યજીવનમાં ગરબડ રહે. રોજનાં કામ ધંધામાં આવક વધે. વિદેશથી શુભ સમાચાર મળે. નવી નોકરીની શક્યતા રહે. સરકારી કામમાં સાવધાની રાખવી.

**કન્યા (પ,ઠ,ણ):** ચાલુ વીકમાં પરીક્ષા ઈન્ટરવ્યુમાં સફળતા મળે. સમાજ અને પારિવારિક જીવનમાં મિત્રો વગેરેની મદદ મળે. સંતાનોના અભ્યાસનાં કામ થાય. પ્રેમમાં રોમેન્ટિક મુલાકાત થાય. શેર બજારમાં નવાં રોકાણ થાય. માનસિક અને લાગણીશીલતા ભારે પરેશાની પેદા કરશે. આરોગ્ય નરમ રહે. ઉધાર લેવા દેવાનું ટાળવું. રોજની પ્રવૃત્તિ અને વેપાર ધંધાના કામમાં સફળતા મળે.

**તુલા (ર,ત):-** સપ્તાહ દરમિયાન ક્રિએટીવ અને રચનાત્મક મુડ રહેશે. આર્થિક પ્રગતિની યોજના પાર પડે. જમીન, ખેતી, ઘર, મકાન વગેરેની યોજનામાં ગતિ આવે. બહારના કામમાં મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં તક મળે. પ્રેમમાં ધીરજ રાખવી. નવાં લોકોથી સાવધાન રહેવું. સરકારી નોકરીમાં લાલચથી બચવું. હરીફોથી બચવું. નવી નોકરીની તક ઊભી થાય. અચાનક ખર્ચા વધશે.

**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં લાંબા સમયની સમસ્યાનું સમાધાન થાય. મિત્રો-ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. તમારા વહીવટી-કુશળતા અને હિંમતથી અચાનક સફળતા મળે. નોકરીમાં પ્રગતિ થાય. ધાર્મિક પ્રવાસ થાય. સ્વજનોનો સાથ મળે. વારસા બાબતે ધીરજ રાખવી. નોકરી-વગેરેમાં વિવાદ ટાળવો. પ્રેમમાં ગેરસમજ થઈ શકે છે. વિદ્યાર્થીઓને તક મળે. પરીક્ષામાં મદદ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ):** સપ્તાહ દરમિયાન સતત વ્યસ્ત રહેવાનું બનશે. નાનાં બાળકો અને પરિવારના કોઈ પ્રસંગની જવાબદારી નિભાવવી પડશે. તમારી લગન અને મહેનતનું પરિણામ મળશે. ઉઘરાણી આવી શકે છે. પારિવારિક ધંધામાં આવક વધશે. લાગણીઓ પર કાબૂ રાખવો. નોકરી-ધંધા અને આર્થિક બાબતે વિચારપૂર્વક નિર્ણય લેવા. મહત્ત્વના કામમાં પ્રગતિ થાય. અચાનક નવી તક મળે. પ્રવાસ થાય.

**મકર (ખ,જ):** ચાલુ વીકમાં આત્મવિશ્વાસનો અભાવ રહે. ગુપ્ત ભય સતાવે. નિર્ણય લેવામાં વિલંબ થાય. પડવા-વાગવાથી સંભાળવું. કૌટુંબિક જવાબદારીમાં લાગણીઓમાં આવવું નહીં. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. આર્થિક બાબતે ભીંસનો અનુભવ થાય. હાથ પરના કામમાં વિલંબ થાય. પ્રવાસમાં ધીરજ રાખવી. અચાનક જૂનાં મિત્રોની મુલાકાત થાય. ખર્ચા વધશે.

**કુંભ(ગ,સ,શ,ષ):** સપ્તાહ પ્રેમજીવનમાં ગેરસમજ અને અવિશ્વાસ પેદા કરનાર છે. માટે લાગણીઓ પર કાબૂ રાખવો. બિનજરૂરી પ્રવાસ ટાળવો. આરોગ્ય નરમ રહેશે. ખર્ચા વધશે. સરકારી કામમાં વિઘ્નો આવે. વિશ્વાસઘાતથી સાવધાન રહેવું. કોઈ પણ કામમાં શોર્ટ કટનો ખ્યાલ રાખવો હાનિકારક રહેશે. સમાજમાં યશ મળે. અચાનક જવાબદારી અને પ્રવાસે જવાનું બને. ગુપ્ત ભય સતાવશે.

**મીન (દ,ચ,ઝ,થ):** સપ્તાહ ઘરનાં નાનાં સભ્યો, બાળકો અને સંતાનોના કામમાં વ્યસ્ત રહેવાનું અને આર્થિક વ્યવહારમાં તમારી કસોટીનું છે. રોમેન્ટિક અને રંગીન મુલાકાત થાય. કોઈ ઈનામ મળી શકે છે. શેર બજારમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળશે. યાત્રા-પ્રવાસ કે તીર્થ યાત્રાનું આયોજન થઈ શકે છે. આરોગ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં નવી તક મળે. વિદેશના કામમાં ગતિ આવે.

## સમસ્યા અને સમાધાન

**પ્રશ્ન-1:** હાલ મારી ઉંમર 39 (ઓગણચાળીસ)ની આસપાસ થાય છે. હું મારા માતા-પિતાનું એક માત્ર સંતાન છું. વ્યવસાયે ડોક્ટર છું અને મારી પ્રેક્ટીસ સારી ચાલે છે. મારી સમસ્યા વિચિત્ર છે. માટે મારી કોઈ જ વિગતનો ઉલ્લેખ કરવો નહીં. છેલ્લાં બાર વર્ષથી પણ વધુ સમયથી મારાથી અઢાર વર્ષ મોટી ઉંમરની વ્યક્તિને લગ્ન માટે પસંદ કરું છું. અને તેમના સંપર્કમાં છું પણ પરિવાર અને તે વ્યક્તિ પણ મારી સાથે લગ્ન કરવાની તરફેણમાં નથી. બે-ત્રણ વર્ષથી તે વ્યક્તિ વિદેશમાં છે. તે દરમિયાન મારાથી અઢાર વર્ષ નાના યુવક સાથે પરિચય થયો અને મને તે ગમવા લાગ્યો. તે પણ મારી સાથે લગ્ન કરવા ઈચ્છતો નથી અને બંને પરિવારની પણ સખત મનાઈ છે. આ બે સિવાય મારું મન બીજે કોઈ પણ જગ્યાએ આકર્ષિત થતું નથી. આ બેમાંથી કોઈ એક સાથે લગ્ન કરવાની ઈચ્છા છે. બીજે કોઈ પણ જગ્યાએ નથી! તો શું મારા આ બેમાંથી કોઈ એકની સાથે લગ્ન થશે? શું મારે લગ્ન કરવા જોઈએ? મને બીજું કોઈ ગમતું નથી. તેનું શું કારણ? અનેક જગ્યાથી વાતો આવે છે પણ મને કોઈની તરફ આકર્ષણ થતું નથી. તેનું શું કારણ? હું દેખાવે પણ સુંદર છું પણ મને ક્યારે આ બે વ્યક્તિ સિવાય કોઈની સાથે મળવાની ઈચ્છા થતી નથી. મારો સવાલ એ છે કે મારે લગ્ન કરવા જોઈએ કે નહીં? આ બેમાંથી કોઈની સાથે થશે?

**જવાબઃ** તમારો જન્મ પૂર્ણ રીતે લગ્ન ગંડાત દોષમાં થયેલ છે, માટે તમો એક ચોક્કસ પ્રકારનાં કર્મફળ ભોગવવા જન્મ્યા છો. જીવનમાં મહત્ત્વના સુખ-સગવડ પાસાંમાંનું કોઈ એક સુખ-સગવડ પાસું કે સુખ તમને ન મળે. ટૂંકમાં તીવ્ર ગતિનાં કર્મફળ ભોગવવા જન્મ્યા છો. જે ભોગવવાં જ પડે. તેનો કોઈ જ ઉપાય હોતો નથી. લગ્નેશ મંગળ બારમે મીન રાશિ-રેવતી નક્ષત્રમાં રાહુ સાથે ગંડાત રાશિ અને નક્ષત્રમાં છે. રાહુ અને મંગળ બંને રેવતીમાં અશુભ બને છે. સામાન્ય રીતે બારમે શુભ રાહુ કેતુનો યોગ અધ્યાત્મ તરફ લઈ જાય છે. પણ તમારો અશુભ બને છે. માટે ભોગ તરફ આકર્ષાયા છો પણ ભોગ ભોગવવા મળતો નથી! કારણ તીવ્ર ગતિનાં કર્મફળ ભોગવવાનાં આજથી બાર વર્ષ પહેલાં તમારા જીવનમાં તમારાથી અઢાર વર્ષનું મોટું પરિણીત પાત્ર આવ્યું. ત્યારે 2016 સુધીની શનિની મહાદશા ચાલતી હતી. જે તમારા પૂર્વજન્મના ઋણાનુબંધનનું ફળ હતું.

ઉંમરના અંતર માટે શનિ-રાહુ-કેતુ જેવા ગ્રહો સામાન્ય રીતે વધુ ઉંમરનું અંતરવાળુ કે વૃધ્ધ પાત્ર ઋણાનુબંધન સાથે જીવનમાં પ્રવેશ કરાવે છે. આ કોઈ સંયોગ હોતો નથી પણ ગ્રહો જાતકને પોતાના કર્મફળ ભોગવવા મજબુર કરે છે. તમે મોકલેલી બંને વ્યક્તિની કુંડલી અને તમારી કુંડલી જોતાં સાફ દેખાય છે કે તમારી સાથે જે કંઈ થયું છે તે કોઈ સંજોગ નથી. પણ પૂર્વજન્મનાં કર્મોનું ફળ છે. જે મેળવી શકો તેમ નથી. તમારા જન્મ સમયે છઠ્ઠે કેતુ અને બારમે રાહુ મંગળનો યોગ બરાબર અઢાર વર્ષ પહેલાં પણ આ જ સ્થિતિમાં હતો. તમારા જીવનમાં આવનાર અઢાર વર્ષ મોટા પાત્રનો પણ મીન રાશિમાં રાહુ સાથે શનિ શુક્ર છે. કન્યાના કેતુ સાથે ગુરુ છે. તમારા કેતુ પર તે વ્યક્તિના કેતુ ગુરુ આવે છે, જે બતાવે છે કે પૂર્વ જન્મમાં તમો પતિ-પત્નીના રૂપમાં હશો અથવા ગુરુ-શિષ્યના રૂપમાં કે પછી એકબીજાને સહારો કે સાથ આપનાર હશો. ગુરુવાળા જાતકે તમારી સાથે અન્યાયપૂર્ણ વ્યવહાર કર્યો હશે જે આ જન્મમાં પણ ચાલુ છે. આ પાત્રનો પ્રવેશ તમારા કહેવા પ્રમાણે 2014માં શનિની મહાદશા અને રાહુની અંતર દશામાં થયો. શનિ-રાહુ કેતુ ઉંમરમાં મોટા પાત્ર સાથે વિવાહિત જીવનથી જોડે છે અથવા સામાન્ય રીતે કોઈ સ્વીકારે નહીં એટલી ઉંમરનો ગેપ આ ગ્રહો આપે છે જ્યારે મંગળ-બુધ જેવા યુવા ગ્રહો નાની ઉંમરના પાત્ર તરફ આકર્ષણ કરાવે છે. 2016થી 2033 સુધીની મહાદશા બુધની ચાલુ થઈ ત્યારે પ્રથમ પાત્ર વિદેશ ચાલ્યું ગયું અને તમો તમારાથી નાની ઉંમરના પાત્ર સાથે આકર્ષાયા. અહીં પણ પૂર્વનું ઋણાનુંબંધન સાફ દેખાય છે. કર્મફળ આને જ કહેવાય.

અઢાર વર્ષ નાનું પાત્રની કુંડલીમાં પણ રાહુ અને કેતુ મીન અને કન્યાના છે. બંનેના રાહુ-કેતુ એક જ રાશિના-કેતુ પર કેતુના કારણે એક બીજાને ઊંડાણપૂર્વક સમજી શકો છો. તમારા પૂર્વ જન્મનું જીવન એકસરખું હશે. બંનેની સમજ એકસરખી હશે. અહીં એક જ રાશિમાં તમારા ત્રણેયનાં કેતુ છે માટે સમાન બાબતો માટે અલગતાનો ભાવ પેદા કરે છે. માટે તમો ત્રણેય જણ સારાં મિત્રો બનીને રહી શકો છો પણ એકબીજાના જીવનસાથી બનીને રહી શકશો નહીં માટે તમારા લગ્ન શક્ય નથી.

તમારો સપ્તમેશ શુક્ર ભાગ્યમાં મૂળ નક્ષત્ર અને ધન રાશિમાં કોઈ પણ શુભ કે અશુભ ગ્રહના પ્રભાવમાં નથી માટે તમો વફાદારીપૂર્વક લગ્નજીવનને નિભાવવા માંગો છો પણ સપ્તમેશ ભાગ્યમાં પ્રબળ ઋણાનુબંધનવાળું પાત્ર મળે તો જ વિવાહ થાય છે અને થયા પછી ટકે છે. આવાં જાતકોને કાં તો ભાગ્યશાળી જીવનસાથી મળે છે અથવા સજા આપનાર જીવનને નર્ક બનાવનાર જીવનસાથી મળે. તમારી ત્રણેયમાં બીજું સામ્ય એ છે કે ત્રણેયનો મંગળનો સંબંધ સાતમા ભાવ સાથે કોઈ ને કોઈ રીતે થાય છે. 2019થી 2020 દરમિયાન બુધમાં કેતુના અંતરના કારણે અઢાર વર્ષ નાનું પાત્ર જીવનમાં આવ્યું પણ તેની સાથે વિવાહ થવા શક્ય નથી. તમારી કુંડલી પ્રમાણે 2028 સુધીમાં આ બે પાત્ર સિવાય વિવાહ થવાની શક્યતા લગભગ 45 થી 50% છે તે પછી વિવાહ નહીં થાય. તમો પુણ્યશાળી શાપિત આત્મા છો માટે લોકોની નિઃસ્વાર્થ સેવાથી જીવન સફળ કરો.

### માતાપિતાઓને મળશે પારદર્શી અને વિશ્વસનીય માહિતી

# CBSEની શાળાઓએ શિક્ષકોની લાયકાત ઓનલાઇન મૂકવી પડશે

**વેબસાઇટ** પર સંપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની માહિતી અને શિક્ષકોનો અનુભવ પણ જાહેર કરવો પડશે

સુરતઃ વાલીઓ માટે પોતાના સંતાન માટે યોગ્ય શાળાની પસંદગી કરવી હંમેશા એક મોટી જવાબદારી અને પડકાર રહી છે. શાળા પસંદ કરતી વખતે માન્યતા, ફી માળખું, શિક્ષકોની લાયકાત અને શૈક્ષણિક સુવિધાઓ અંગે માહિતી મેળવવી જરૂરી હોય છે, પરંતુ ઘણી વખત શાળાઓ તરફથી પૂરતી અને સ્પષ્ટ માહિતી મળતી નથી. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ તેની સાથે સંલગ્ન તમામ શાળાઓ માટે કડક માર્ગદર્શિકા જાહેર કરી છે.

CBSE સંલગ્ન શાળાઓએ હવે શાળાના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત માહિતી અપલોડ કરવી ફરજિયાત રહેશે. તેમાં શાળાની ઈમારત, વર્ગખંડોની સંખ્યા, વિજ્ઞાન તથા કમ્પ્યુટર પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, રમતગમતના મેદાનો, શારીરિક શિક્ષણની સુવિધાઓ અને અન્ય મૂળભૂત ઢાંચાની વિગતો સામેલ રહેશે. આથી માતાપિતાઓ શાળાની વાસ્તવિક સ્થિતિ અંગે સરળતાથી જાણકારી મેળવી શકશે. શાળામાં ભણતરનું સ્તર શિક્ષકોની ગુણવત્તા પર આધાર રાખે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને CBSEએ શાળાઓને તેમના તમામ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત, તાલીમ, અનુભવ અને વિષયવાર નિમણૂકની વિગત વેબસાઈટ પર મૂકવા ફરજિયાત કરી છે.

આ પગલાથી માતાપિતાઓને પોતાના સંતાનને કઈ શાળામાં દાખલ કરવું તે અંગે વધુ સચોટ નિર્ણય લેવામાં મદદ મળશે. CBSEએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે શાળાઓ આ નવા નિયમોનું પાલન નહીં કરે, તેમના સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

### ત્રણ વર્ષના બોર્ડ પરીક્ષા પરિણામો પણ ઓનલાઈન જાહેર કરવા પડશે

CBSEના નિર્દેશ મુજબ ધોરણ 10 અને ધોરણ 12ના ગયા ત્રણ વર્ષના બોર્ડ પરીક્ષા પરિણામો પણ શાળાની વેબસાઇટ પર જાહેર કરવા પડશે. તેમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા, ઉત્તીર્ણ ટકાવારી તેમજ કુલ શૈક્ષણિક પ્રદર્શન સંબંધિત માહિતી સમાવવાની રહેશે. પરિણામોની પારદર્શિતા થવાથી શાળાની શૈક્ષણિક ગુણવત્તાનો અંદાજ માતાપિતાઓ સરળતાથી મેળવી શકશે.

### ફી માળખું, SMC અને PTMની માહિતી પણ આપવી પડશે

શાળાઓએ પોતાના ફી માળખું, શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC), પેરેન્ટ-ટીચર મીટિંગ (PTM), વાર્ષિક શૈક્ષણિક કેલેન્ડર સહિતની માહિતી પણ વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવી પડશે. સાથે જ સંપર્ક વિગતો, શાળાની માન્યતા સંબંધિત દસ્તાવેજો, રાજ્ય સરકારની એનઓસી, સુરક્ષા ધોરણો અને અન્ય આવશ્યક માહિતી પણ જાહેર કરવી ફરજિયાત રહેશે.

# અમદાવાદમાં મેગા બ્લોકને કારણે 5 ટ્રેન રદ કરાઈ

**રેલવે** સ્ટેશન વિકાસ કામગીરીને પગલે આજે અનેક ટ્રેનો પ્રભાવિત થઈ

સુરત અમદાવાદ (ADI) રેલવે સ્ટેશન પર નવા સાઉથ ફૂટ ઓવર બ્રિજ (FOB) ના સ્પાન-03 માટે કમ્પોઝિટ સ્ટીલ ગર્ડર્સના લોન્ચિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ માટે રેલવે તંત્ર દ્વારા તારીખ 18.01.2026 (રવિવાર) ના રોજ લાઇન નંબર 06 થી 10 પર બ્લોક લેવામાં આવ્યો છે. આ બ્લોકને કારણે પશ્ચિમ રેલવેની ઘણી ટ્રેનોના શિડ્યુલ પર અસર પડી છે.આ બ્લોક દરમિયાન અમદાવાદ સ્ટેશન પર ART ક્રેન અને હાઇડ્રાનો ઉપયોગ કરીને સ્ટીલ ગર્ડર્સનું લોન્ચિંગ કરવામાં આવશે.

### આ ટ્રેન શોર્ટ ટર્મિનેટ કરાઇ

» વટવા (VTA) સ્ટેશને ટૂંકાવી દેવાયેલી ટ્રેનો (Short Terminated)ટ્રેન નં. 19033 (વલસાડ - અમદાવાદ) આ ટ્રેન આજે વટવા સ્ટેશને ટૂંકાવી દેવામાં આવી હતી.
» ટ્રેન નં. 22953 (મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ) વટવા સુધી જ દોડાવવામાં આવી

### આ ટ્રેનો રદ કરવામાં આવી

» ટ્રેન નં. 20959/20960 (વલસાડ - વડનગર - વલસાડ ઇન્ટરસિટી)
» ટ્રેન નં. 19036/19035 (અમદાવાદ - વડોદરા - વટવા)
» ટ્રેન નં. 69101/69102 (વડોદરા - વટવા - વડોદરા મેમુ)
» ટ્રેન નં. 69115/69130 (વડોદરા - વટવા - આણંદ)
» ટ્રેન નં. 59549/59550 (વડોદરા - વટવા - વડોદરા)

## આગામી સપ્તાહથી ઠંડીમાં રાહત મળશે

ગાંધીનગર : રાજ્યમાં ઉત્તર - પશ્ચિમી પવનની અસર હેઠળ ઠંડીમાં આગામી સપ્હાત દરમ્યાન થોડીક રાહત જોવા મળશે. રાજ્યમાં આજે રવિવાવરે પણ ઠંડીના મચકારામાંથી રાહત મળી છે. ખાસ કરીને અમરેલીમાં ઠંડીનો પારો સ્હેજ ઊંચે જવા સાથે સૌથી વધુ 12 ડિગ્રી ઠંડી જોવા મળી રહી છે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર , રાજ્યમાં આજે દિવસ દરમ્યાન તાપમાન સ્હેજ ઉપર રહયું હતું. રાજ્યમાં આજે અન્ય શહેરો પૈકી ભૂજમાં 16 ડિ.સે.,નલિયામાં 13 ડિ.સે., કંડલા પોર્ટ પર 17 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 16 ડિ.સે., અમરેલીમાં 12 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે.,રાજકોટમાં 13 ડિ.સે.,મહુવામાં 15 ડિ.સે., કેશોદમાં 15 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે., ડીસામાં 13 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 14 ડિ.સે.,અને સુરતમાં 15 ડિ.સે. અને દમણમાં 17 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

# હર્ષ સંઘવી વર્લ્ડ ઇકોનોમિક ફોરમને સંબોધશે

**નાયબ** મુખ્યમંત્રી દાવોસ-સ્વિટ્ઝર્લેન્ડ જવા રવાના

ગાંધીનગર : નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકારનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ સ્વિત્ઝર્લેન્ડના દાવોસ ખાતે યોજાઈ રહેલી 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF) ૨૦૨૬માં ભાગ લેવા જશે. આજે મધરાત્રે 3 વાગ્યે અમદાવાદ એરપોર્ટ પરથી સંઘવી રવાના થયા હતા. ગુજરાતને વૈશ્વિક વિકાસના નકશા પર અગ્રેસર રાખવા અને 'વિકસિત ગુજરાત @2047'ના સંકલ્પને વૈશ્વિક મંચ પર લઈ જવા માટે આ ફોરમમાં રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે. ૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં ગુજરાતની સહભાગીતા, આંતરરાષ્ટ્રીય સહયોગ અને ઝડપી આર્થિક વિકાસ પ્રત્યે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રવાસ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિવિધ બેઠકોમાં ભાગ લેશે. ગુજરાતમાં રોજગારી અને ઔદ્યોગિક વિકાસને વેગ આપવા માટે તેઓ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, ટેક્સટાઈલ, સેમિકન્ડક્ટર, ફાર્માસ્યુટિકલ્સ, રિન્યુએબલ એનર્જી, ફૂડ પ્રોસેસિંગ, કેમિકલ્સ, શિપિંગ-લોજિસ્ટિક્સ અને એરોસ્પેસ જેવા મહત્વના ક્ષેત્રોમાં રોકાણ આકર્ષવા માટે વિશ્વના ટોચના ઉદ્યોગપતિઓ અને નેતાઓ સાથે ૫૮ (58) જેટલી હાઈ-લેવલ 'વન-ટુ-વન' બેઠકો યોજશે. હર્ષ સંઘવીનો મુખ્ય હેતુ ગુજરાતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવાનો અને રાજ્યના યુવાનો માટે મોટા પાયે નવી રોજગારીની તકો ઉભી કરવાનો છે. રાજ્ય સરકારનું પ્રતિનિધિમંડળ આ મુલાકાત દરમિયાન વિશ્વની નામાંકિત કંપનીઓ જેવી કે AP Moller Maersk, Engie, EDF, Johnson Controls, Sumitomo Group, Linde, SEALSQ અને Tillman Global ના વડાઓ સાથે રૂબરૂ ચર્ચા કરશે. આ બેઠકો દ્વારા ગુજરાતમાં નવી ટેકનોલોજી લાવવા, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને લાંબા ગાળાના આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ગુજરાત સરકારનો પ્રયાસ છે કે ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ગુજરાત એક મહત્વના ભાગીદાર તરીકે ઉભરી આવે. આ ફોરમમાં રોકાણ આકર્ષવા ઉપરાંત, વૈશ્વિક નીતિવિષયક ચર્ચાઓમાં પણ ગુજરાતનો અવાજ બુલંદ રહેશે. ડે સીએમ હર્ષ સંઘવી વિવિધ પ્રતિષ્ઠિત સત્રોમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહીને ગુજરાતનું વિઝન રજૂ કરશે. તેઓ 'નવી ભૌગોલિક-આર્થિક વ્યવસ્થામાં ભારત', 'સ્પોર્ટ્સની શક્તિઃ ભવ્યતાથી વારસા તરફ', 'કોલ ટુ ક્લીન ઈનિશિયેટિવ' અંતર્ગત એનર્જી ટ્રાન્ઝિશન, 'મિશન વોટર' દ્વારા જળ સુરક્ષા અને 'સસ્ટેનેબિલિટી' જેવા વિષયો પર ગુજરાતના સફળ વિકાસ મોડલની વાત દુનિયા સમક્ષ મૂકશે.

## અનુસંધાન

... પાના પહેલાનું

### ઉત્તર ભારતમાં...

રહ્યું હતું. હિમાચલ પ્રદેશના ઊંચા પહાડોમાં છૂટાછવાયા સ્થળોએ હળવી હિમવર્ષા થઈ હતી હવામાન કચેરીએ જણાવ્યું હતું કે લાહૌલ અને સ્પીતિ જિલ્લાના કોક્સર અને હંસા ગામોમાં હળવી હિમવર્ષા થઈ હતી જ્યારે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હવામાન સૂકું રહ્યું હતું. દિલ્હીમાં રવિવારની સવારે ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, જ્યાં લઘુત્તમ તાપમાન 5.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે મોસમના સરેરાશ તાપમાન કરતા 2.3 ડિગ્રી ઓછું છે. IMD ના ડેટા મુજબ, સફદરજંગમાં લઘુત્તમ તાપમાન 5.3 ડિગ્રી, પાલમમાં 8 ડિગ્રી, લોધી રોડમાં 6.8 ડિગ્રી, રિજ વિસ્તારમાં 7.2 ડિગ્રી અને આયાનગરમાં 7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હરિયાણામાં, નારનૌલમાં લઘુત્તમ તાપમાન 5.2 ડિગ્રી, જ્યારે ગુરુગ્રામમાં 5.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઝારખંડના કેટલાક ભાગોમાં પણ શીતલહેર ફરી વળી છે, જ્યાં 11 જિલ્લાઓમાં તાપમાન 10 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગયું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે.

### ભારતના AI યૂઝર્સ...

કહ્યું હતું કે, ...તે એવું છે કે, શા માટે અમેરિકનો ભારતમાં AI માટે ચૂકવણી કરી રહ્યા છે? ChatGPT અમેરિકાની ધરતી પર કાર્યરત છે, અમેરિકન વીજળીનો ઉપયોગ કરે છે અને ભારત, ચીન તથા વિશ્વના અન્ય સ્થળોએ ChatGPT ના મોટા વપરાશકર્તાઓને સેવા આપી રહ્યું છે. તેથી આ એક અન્ય મુદ્દો છે જેનો ઉકેલ લાવવો જરૂરી છે. તેમની આ ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો ટેરિફ સિવાય અન્ય ઘણા મુદ્દાઓ પર પણ તણાવપૂર્ણ છે, જેમાં ગયા વર્ષે મે મહિનામાં ભારત-પાકિસ્તાન સંઘર્ષને ખતમ કરવાના ટ્રમ્પના દાવા અને વોશિંગ્ટનની નવી ઈમિગ્રેશન પોલિસીનો સમાવેશ થાય છે. ગયા વર્ષે, નેવારોએ રશિયન તેલની ખરીદી અને ઊંચા ટેરિફ માટે ભારત સામે સતત પ્રહારો કર્યા હતા અને ભારતને ટેરિફના મહારાજા ગણાવ્યું હતું. તેમણે ભારત દ્વારા રશિયન તેલની ખરીદીને બ્લડ મની(લોહીથી ખરડાયેલા નાણાં) ગણાવ્યું હતું અને કહ્યું હતું કે યુક્રેન સંઘર્ષ પહેલા દિલ્હી મોસ્કો પાસેથી આટલી મોટી માત્રામાં તેલ ખરીદતું ન હતું. બીજી તરફ, નવી દિલ્હીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, કોઈપણ મોટી અર્થવ્યવસ્થાની જેમ, તે તેના રાષ્ટ્રીય હિતો અને આર્થિક સુરક્ષાના રક્ષણ માટે તમામ જરૂરી પગલાં લેશે.

### અબજ ડોલર ખર્ચો...

પદ્ધતિ તરીકે શરૂઆતમાં રજૂ કરવામાં આવેલી આ પહેલ ઝડપથી સંયુક્ત રાષ્ટ્રના સંભવિત હરીફ તરીકે વિસ્તરી રહી હોય તેમ જણાય છે, જેના સુકાની રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતે છે. ડ્રાફ્ટ ચાર્ટરમાં સભ્યપદના એક એવા સ્તરવાળા માળખાની રૂપરેખા અપાઈ જે અસરકારક રીતે નવા સંગઠનની અંદર પ્રભાવ માટેની કિંમત નક્કી કરે છે. બ્લૂમબર્ગના અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, અમેરિકાના એક અધિકારીએ પુષ્ટિ કરી હતી કે જે તે દેશો તકનીકી રીતે મફતમાં જોડાઈ શકે છે, પરંતુ નાણાં ન ચૂકવનારા આવા સભ્યોએ ટર્મ લિમિટનો સામનો કરવો પડશે. ડ્રાફ્ટમાં જણાવવામાં આવ્યું છે કે, દરેક સભ્ય રાષ્ટ્ર ત્રણ વર્ષથી વધુની મુદત માટે સેવા આપી શકશે નહીં, અને એ પણ નોંધ્યું છે કે મુદતનું રિન્યુ ચેરમેન ટ્રમ્પ દ્વારા નવીકરણને આધીન રહેશે. જોકે, મોટી રકમ ખર્ચનારાઓ માટે આ ત્રણ વર્ષની મર્યાદા દૂર થઈ જશે. અહેવાલ મુજબ, ચાર્ટર સ્પષ્ટ કરે છે કે જે સભ્ય રાષ્ટ્રો પ્રથમ વર્ષમાં બોર્ડ ઓફ પીસને રોકડ ભંડોળમાં 1,000,000,000 ડોલરથી વધુનું યોગદાન આપે છે તેમને આ મુદતની મર્યાદા લાગુ પડશે નહીં. એક અમેરિકન અધિકારીએ બ્લૂમબર્ગને જણાવ્યું હતું કે આ ભંડોળનો ઉપયોગ સખત રીતે ગાઝાના પુનઃનિર્માણના તેના મેન્ડેટને અમલમાં મૂકવા માટે કરવામાં આવશે અને બોર્ડ એ સુનિશ્ચિત કરશે કે એકત્ર કરાયેલ લગભગ દરેક ડોલર એ જ હેતુ માટે વપરાય. અહેવાલમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સંગઠનનું માળખું ટ્રમ્પના હાથમાં અપાર શક્તિ અપાઈ છે.

### બાંગ્લાદેશમાં વધુ...

કેળાનું વાવેતર કરે છે અને તેમાંથી કેળાની એક લૂમ ગુમ થઈ ગઈ હતી. શોધખોળ દરમિયાન તેણે લિટનની હોટેલમાં તે કેળા જોયા હતા અને આ બાબતે બંને પક્ષો વચ્ચે દલીલ શરૂ થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે, ''આરોપીઓએ લિટનને મુક્કા અને લાતો મારી હતી, જેના કારણે તે જમીન પર પડી ગયો હતો અને ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું.'' લિટનના પરિવારે જણાવ્યું હતું કે, માસૂમ સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ હોટેલમાં આવ્યો હતો. તે સમયે એક નજીવી ઘટનાને લઈને હોટેલના કર્મચારી સાથે તેની દલીલ થઈ હતી. બાદમાં માસૂમના પિતા અને માતા ત્યાં આવ્યા હતા અને ઝઘડો કર્યો હતો.

### EUએ અમેરિકા સાથેનો...

ગ્રીનલેન્ડ મુદ્દે યુરોપ પર દબાણ વધારતા આ પ્રક્રિયા ખોરવાઈ ગઈ છે. ટ્રમ્પે આ અઠવાડિયે આર્કટિક ટાપુ પર સૈનિકોની નાની ટુકડી મોકલનારા યુરોપિયન રાષ્ટ્રો પર વધારાના 10 ટકા ટેરિફની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ લેવી 1 જૂનથી વધીને 25 ટકા થઈ જશે અને જ્યાં સુધી ગ્રીનલેન્ડની સંપૂર્ણ ખરીદી માટે સોદો ન થાય ત્યાં સુધી લાગુ રહેશે. યુરોપિયન નેતાઓએ સ્પષ્ટતા કરી હતી કે સૈનિકોની તૈનાતી ઉત્તર એટલાન્ટિકમાં રશિયન અને ચીની પ્રવૃત્તિઓ વધવા અંગેની ટ્રમ્પની પોતાની ચેતવણીઓને પગલે કરવામાં આવી હતી, જે વોશિંગ્ટનને ઉશ્કેરવાનો પ્રયાસ નહોતો. નવા ટેરિફ પર પ્રતિક્રિયા આપતા, યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ જણાવ્યું હતું કે જો આ પગલાં ચાલુ રહેશે તો EU સંયુક્ત પ્રતિસાદ આપશે. યુરોપિયન સંસદની અંદર રાજકીય જૂથોએ કરારની બહાલી પ્રક્રિયાને ઝડપથી અટકાવી દીધી છે. યુરોપિયન પીપલ્સ પાર્ટી (EPP) ના વડા મેનફ્રેડ વેબરે જણાવ્યું હતું કે જ્યાં સુધી ટ્રમ્પ ગ્રીનલેન્ડ સાથે જોડાયેલી ધમકીઓ આપી રહ્યા છે ત્યાં સુધી સાંસદો કરારને સમર્થન આપી શકે નહીં. વેબરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, EPP યુએસ-EU વેપાર કરારને સમર્થન આપે છે, પરંતુ વર્તમાન સંજોગોમાં મંજૂરી આપવી શક્ય નથી. અમેરિકન ઉત્પાદનો માટે શૂન્ય-ટેરિફની સુવિધા હાલ સ્થગિત કરવી પડશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડ પર અમેરિકાના નિયંત્રણનો વિરોધ કરનારા આઠ દેશો પર 10 ટકા ટેરિફ (જકાત) લાદવાની જાહેરાતથી રવિવારે યુરોપિયન દેશોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. શનિવારે ટ્રમ્પ દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પર મળેલી પ્રતિક્રિયાઓમાં વિવિધ મંતવ્યો જોવા મળ્યા હતા. કેટલાકનું કહેવું હતું કે આનાથી ખતરનાક પતનની શરૂઆત થવાનું જોખમ છે, તો કેટલાકે એવી આગાહી કરી હતી કે ચીન અને રશિયા માટે આ આનંદના સમાચાર હશે. ટ્રમ્પની આ ધમકી યુરોપ સાથે અમેરિકાની ભાગીદારી માટે એક સંભવિત ખતરનાક પરીક્ષા જેવી સ્થિતિ ઊભી કરે છે. છેલ્લા કેટલાક દિવસોમાં અનેક યુરોપિયન દેશોએ ગ્રીનલેન્ડમાં સૈનિકો મોકલ્યા છે, અને તેમનું કહેવું છે કે તેઓ ત્યાં આર્કટિક સુરક્ષા તાલીમ માટે આવ્યા છે. ટ્રમ્પની આ જાહેરાત શનિવારે ત્યારે આવી જ્યારે રાજધાની નૂકમાં અમેરિકી કોન્સ્યુલેટની બહાર હજારો ગ્રીનલેન્ડવાસીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.

### ઉત્તર ભારતમાં...

ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનો ભટકાવા થી આગ લાગી હતી અને મૃતકોના દાઝી જવાથી મોત નીપજ્યા હતા. ઘટનાસ્થળે હાજર લોકોએ જણાવ્યું હતું કે, આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે પથ્થર ભરેલી એક ટ્રકે અચાનક બ્રેક મારી અને ગાઢ ધુમ્મસના કારણે અન્ય ચાર વાહનો તેની સાથે અથડાયા હતા. રવિવારે યુપીના અમેઠી નજીક ગાઢ ધુમ્મસ વચ્ચે એક બસ અને કાર વચ્ચે થયેલી સામસામે ટક્કરમાં બે લોકોના મોત થયા છે અને અન્ય 10 લોકો ઈજાગ્રસ્ત થયા છે, તેમ પોલીસે જણાવ્યું હતું. આ અકસ્માત રાયબરેલી-સુલતાનપુર હાઈવે પર બાબુ ગંજ પાસે સર્જાયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત ગાઢ ધુમ્મસને કારણે ઓછી દ્રશ્યક્ષમતા હોવાને લીધે થયો હતો. ઉત્તર પ્રદેશના બરેલી જિલ્લામાં રવિવારે સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે દિલ્હી-લખનૌ નેશનલ હાઈવે પર ઓછામાં ઓછા 20 વાહનો એકબીજા સાથે અથડાતા એક વ્યક્તિનું મોત થયું હતું અને ઓછામાં ઓછા 24 લોકો ઘાયલ થયા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું. ગોરખપુરથી મેરઠ જઈ રહેલી રાજ્ય પરિવહન નિગમની બસ એક ટ્રક સાથે અથડાઈ હતી, ત્યારબાદ ઓછી દ્રશ્યક્ષમતાને કારણે પાછળથી આવી રહેલા અનેક વાહનો એકબીજા સાથે ટકરાયા હતા. આ અકસ્માતમાં રોડવેઝની ત્રણ બસો, એક ટ્રક અને અનેક કારોને નુકસાન થયું હતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, એક ટ્રક હાઈવે પરથી ઉતરીને રોડ કિનારે આવેલા ઝાડો સાથે અથડાઈ હતી, જ્યારે કેટલાક વાહનો રસ્તા પરથી નીચે ઉતરી ગયા હતા. જ્યારે અમેઠી જિલ્લામાં અકેલવા ચૌરાહા નજીક પાંચ વાહનો એકબીજા સાથે અથડાતા એકનું મોત થયું હતુ જ્યારે અન્ય ત્રણને ઈજા થઈ હતી.

[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6) r/w 9(1)ની જોગવાઈ જુઓ]

**સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ**

**એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

સીઆઈએનઃ U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઇસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ ગીરવે મૂકેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવે છે.

નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (જેને બાદમાં 'અસાઇનર' તરીકે ઓળખવામાં આવશે)ની નાણાકીય સુવિધાઓને એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે નીચે આપવામાં આવેલી કોલમમાં સ્પષ્ટ રૂપે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે તેમની ક્ષમતામાં કાર્ય કરી રહ્યા છે. ઉક્ત અસાઇનમેન્ટના અનુસંધાનમાં EARCએ અસાઇનરની જગ્યા લીધી છે અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. ઉક્ત EARCએ સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં SARFAESI એક્ટના 13(4) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

આથી, આમ જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સિક્યોર્ડ લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે. જેને "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે છે તે" આધાર પર EARCની નીચે દર્શાવેલ બાકી રકમની વસૂલાત માટે વેચવામાં આવશે. સાથે EARC દ્વારા ઉધાર લેનારા(ઓ) અને બાંયધરી આપનાર(ઓ)એ મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/કોસ્ટ વસૂલ કરવામાં આવશે. પ્રોપર્ટી માટે રિઝર્વ પ્રાઈસ અને ધ અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

ઈ-ઓક્શન માટે મૂકવામાં આવેલી સુરક્ષિત અસ્કયામતોની વિગતોઃ

| લોન A/c નંબર/ વેચાણ સંસ્થા | ઋણ લેનાર/ સહ-ઉધાર લેનારનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી રકમ રૂ. 14-01-2026ના રોજ | અનામત કિંમત (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઇએમડી) (રૂ.) | હરાજીની તારીખ અને સમય | પઝેશનનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| 14183801/ IDFC First Bank | ૧. રણજીતસિંહ ચૌહાણ (દેવાદાર) ૨. વિલાસબેન ચૌહાણ (સહ-દેવાદાર) | EARC-TRUST SC 468 | Rs. 30,99,293.05 | Rs. 9,50,000/- | Rs. 95,000/- | 05-02-2026 at 01:00 PM | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ જિલ્લા અને સબ-જિલ્લા વડોદરાના દંતેશ્વર ગામના ડેરા ફળિયા વિસ્તારમાં આવેલું મકાન, જેનો સિટી સર્વે નંબર 503, શીટ નંબર 99, પ્લોટ નંબર 32 છે અને જેનું માપ 49 ચોરસ મીટર છે. આ મિલકત આકાશથી જમીન સુધીની માલિકી ધરાવે છે. મિલકતનું બાંધકામ અંદાજે 50 વર્ષ જૂનું છે. સીમાઓઃ પૂર્વઃ રસ્તો,પશ્ચિમઃ વાડો/ફેન્સ, ઉત્તરઃ ખુલ્લી જગ્યા, દક્ષિણઃ મકાન | | | | | | | |
| 15657993/ IDFC First Bank | ૧. મોહન આર. (દેવાદાર) ૨. મીનાક્ષી નરેશ દુદેજા (સહ-દેવાદાર) | EARC-TRUST SC 468 | Rs. 12,05,491.52 | Rs. 4,50,000/- | Rs. 45,000/- | 05-02-2026 at 01:30 PM | ભૌતિક |
| મિલકતનું વર્ણનઃ મોજેઃ ગોરવા, વડોદરા ખાતે આવેલી બિન-ખેતી પ્લોટની જમીન, જેનો રેવન્યુ સર્વે નંબર 241 થી 244, 245/પૈકી, 246/પૈકી, સિટી સર્વે નંબર 3763 પૈકી છે. આ મિલકત "ગુજરાત હાઉસિંગ બોર્ડ" 528 LIG, "વૈકુંઠ સોસાયટી" તરીકે ઓળખાય છે. જેમાં પૈકી ફ્લેટ નંબર 21/251, બીજા માળે, જેનું બિલ્ટ-અપ ક્ષેત્રફળ 31.09 ચોરસ મીટર છે. આ મિલકત રજીસ્ટ્રેશન જિલ્લા અને સબ-જિલ્લા વડોદરા, ગુજરાત રાજ્યમાં આવેલી છે. સીમાઓઃ પૂર્વઃ ફ્લેટ નંબર 250, ઉત્તરઃ ફ્લેટ નંબર 252, પશ્ચિમઃ ડક્ટ સ્પેસમ, દક્ષિણઃ ખુલ્લી જગ્યા. | | | | | | | |

હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વની માહિતીઃ

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) "એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ- EMD એકાઉન્ટ"ની તરફેણમાં દોરવામાં આવશે. મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવેલ EMD ચુકવણીઓ નીચે મુજબ હોવી જોઈએઃ એકાઉન્ટ નંબર એડેલવેઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-EMD એકાઉન્ટ"ના નામે - એકાઉન્ટ નંબરઃ 000405158602; બેંકનું નામ -ICICI બેંક; IFSC કોડઃ IFSCICIC0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખથી 1 દિવસ પહેલા પ્રાપ્ત. |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098 |
| 5. | હરાજીનું સ્થળ (ઓક્શન માટેની વેબ સાઈટ) | ઈ-ઓક્શન (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | 1800 266 6540 |
| 7. | મિલકતનું નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી. |

વેચાણની વિગતો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંક પર જવું.

તારીખઃ 19-01-2026 અધિકૃત અધિકારી
સ્થળઃ મુંબઈ ફોર એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction